NIRMA UNIVERSITY
NAAC ACCREDITED 'A' GRADE

# Nirma University
# Library Resource Centre

Publication: **Sandesh City Life** Edition: **Ahmedabad**
Date & Day: **11/01/2022 (Tues)** Page No: **01**

**ચંડીગઢ યુનિવર્સિટી ખાતે યોજાયેલી એશિયાની સૌથી મોટી 'સોલાર વ્હિકલ કોમ્પિટિશન'માં નિરમાને ૮ પ્રાઇઝ મળ્યાં**

# નિરમા યુનિવર્સિટીના ૪૦ વિદ્યાર્થીઓએ બનાવેલી સોલાર કાર નેશનલ લેવલ પર વિનર

**સિટી લાઇફ** : ૨૪થી ૨૬ ડિસેમ્બરે ચંડીગઢ યુનિવર્સિટી ખાતે યોજાયેલી એશિયાની સૌથી મોટી 'સોલાર વ્હિકલ કોમ્પિટિશન' માટે નિરમા યુનિવર્સિટીના ૪૦ વિદ્યાર્થીઓએ દોઢ વર્ષની મહેનત બાદ 'સોલાર વ્હિકલ' વિજેતા બની છે. ગઈકાલે નિરમા કેમ્પસ ખાતે કોમ્પિટિશનમાં વિજેતા વિદ્યાર્થીઓને સન્માનિત કરવામાં આવ્યા હતા. કોમ્પિટિશનમાં જતાં પહેલાં સિટી લાઈફ દ્વારા ટીમની તૈયારીઓ, વ્હિકલ ફીચર વિશે જાણ્યું હતું. હવે આ કોમ્પિટિશનમાં નિરમાની ટીમ ઓલ ઓવર ઈન્ડિયાની ટીમને પછાડી વિજેતા બની છે. નિરમાના ૪૦ સ્ટુડન્ટ્સ દ્વારા બનાવવામાં આવેલી સોલાર વ્હિકલ સૌથી લાઈટ વેઈટ છે જેના કારણે તે સૌથી લાંબા સમયથી સાથે ખૂબ સારી ઝડપે દોડી શકે છે. નિરમા સ્ટુડન્ટ્સ ટીમ કુલ ૯ પ્રાઈઝમાંથી ૮ પોતાના નામે કર્યા છે. પ્રથમ વખત જ કોમ્પિટિશનમાં ઊતરેલી નિરમા ટીમે અનુભવી કોલેજની ટીમોને પાછળ રાખી વિજેતા બની છે.




**૪૫ મિનિટમાં ૪૬ લેપ પૂરા કર્યા** : નેશનલ લેવલની સોલાર વ્હિકલ કોમ્પિટિશનમાં વ્હિકલને અલગ અલગ પ્રકારની ટેસ્ટમાંથી પ્રસાર થઈને ફાઈનલ એન્ડ્યુરન્સ રેસમાં ઉતારવામાં આવે છે. જેમાં નિરમાની ટીમ દ્વારા ૪૫ મિનિટમાં ૪૬ લેપ કોઈ પણ પ્રકારની ટેકનિકલ ખામી વગર પૂરા કર્યા છે. આ માટે નિરમાની ટીમ દ્વારા કોરોનાની પરિસ્થિતિ વચ્ચે પણ નિરમા કેમ્પસ ખાતે સતત પ્રેક્ટિસ કરી હતી જેના કારને વ્હિકલમાં રહેલી ખામીઓ પહેલાંથી જ દૂર કરી દેવામાં આવી હતી. નિરમા દ્વારા આ વ્હિકલને ચલાવવા માટે ટોટલ બે ડ્રાઈવર રાખવામાં આવ્યા હતા. આ સાથે ગાડીને રિમોટથી પણ કંટ્રોલ કરવામાં આવી હતી.

## કોરોનાની પરિસ્થિતિ વચ્ચે અમે કેમ્પસમાં ગાડી બનાવી

આ અંગે ટીમના કેપ્ટન હૈનિલ ગજ્જરે કહ્યું કે, 'કોરોનાની પરિસ્થિતિ વચ્ચે અમારી ૪૦ સ્ટુડન્ટ્સની ટીમને કોલેજ કેમ્પસ ખાતે ભેગા થવું ખૂબ અઘરું હતું. આ સમયે ઓનલાઈન સ્ટડી ચાલતું હતું અને અમદાવાદમાં કોરોનાના કેસ પણ હતા. પરંતુ આ પરિસ્થિતિમાં નિરમા દ્વારા અમને સ્પેશિયલ વ્હિકલ અરેન્જ કરી આપીને નિરમા કેમ્પસ ખાતે કારને મેન્યૂફેક્ચરિંગ કરવાની પરવાનગી આપી જેના કારણે અમે ગાડીને સારી રીતે બનાવવાની સાથે તેનું પરીક્ષણ પણ કરી શક્યા. કોરોનાની પરિસ્થિતિ વચ્ચે અમે કેમ્પસમાં ગાડી બનાવવી અમારા માટે ખૂબ ટફ રહ્યું '